75 YEARS OF CELEBRATION

KHETI BANK
1951 - 2026

ખેતી બેંક
0% NET NPA BANK

74th ANNUAL REPORT
2025-26

સહકાર થી સમૃધ્ધિ

CELEBRATING 5 YEARS OF MINISTRY OF COOPERATION
2021 - 2026

NATIONAL COOPERATIVE POLICY

MULTI-STATE COOPERATIVE SOCIETIES

ARDB
(Agriculture and Rural Development Bank)
COMPUTERIZATION

TRIBHUVAN SAHKARI UNIVERSITY
The First Cooperative University in India

WHITE REVOLUTION

MULTIGRAIN STORAGE

भारत TAXI

The Gujarat State Co-operative Agriculture & Rural Development Bank Ltd., Ahmedabad

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ., અમદાવાદ

File Name : 74th Annual Report_Title 29_06_2026.cdr

બેંકના સ્થાપક પ્રમુખ

Founder Chairman of the Bank

સ્વ. પદ્મશ્રી ઉદયભાણસિંહજી

યુવરાજ ઓફ પોરબંદર

Late Padma Shri Udaybhansinhji (Yuvraj of Porbander)

પ્રમુખ - સપ્ટેમ્બર ૧૯૫૧ થી જુલાઈ ૧૯૭૩ • Chairman - September 1951 to July 1973

ધી ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લિ.

The Gujarat State Co-Operative Agriculture & Rural Development Bank Ltd.

જન્મ - પોરબંદર : તા. ૬ ઓક્ટોબર ૧૯૧૦

Birth - Probander: 6th October 1910

6th JULY 2021 to 6th JULY 2026

SAHKAR SE SAMRUDDHI

SAHKAR SE SAMRUDDHI | TOGETHER WE GROW | TOGETHER WE PROSPER | EMPOWERING RURAL INDIA | STRENGTHENING COOPERATIVES | SUSTAINABLE FUTURE

5 Years of Transformative Initiatives (2021-2026)

2021	**MINISTRY OF COOPERATION ESTABLISHED** 6 July 2021 - A dedicated Ministry created to strengthen the cooperative movement and build a prosperous India.	**LAYING THE FOUNDATION FOR A NEW COOPERATIVE ERA** Policy reforms, stakeholder consultations and vision for 'Sahkar se Samruddhi'.
2022	**MODEL BYE-LAWS FOR PACS** Multipurpose, transparent and democratic bye-laws adopted to empower Primary Agricultural Credit Societies.	**PACS COMPUTERISATION PROJECT LAUNCHED** Digital transformation of PACS across India for transparency, efficiency and real-time services.
2023	**WORLD'S LARGEST GRAIN STORAGE PLAN** 15 Feb 2023 - Decentralized grain storage through cooperatives to reduce wastage and benefit farmers.	**NEW MULTIPURPOSE PACS, DAIRY & FISHERY COOPERATIVES** Plan to cover all Panchayats and villages over next 5 years for inclusive growth.
2023	**THREE NATIONAL MULTI-STATE COOPERATIVE SOCIETIES, NCEL • BBSSL • NCOL** Strengthening key sectors with national - level cooperatives.	**DIGITAL COOPERATIVE ECOSYSTEM INITIATED** E-services, CSC, micro-ATM and digital platforms bringing cooperatives at the forefront of digital India.
2024	**NATIONAL COOPERATIVE DATABASE (NCD)** Integrated digital database for better planning, monitoring and evidence - based decisions.	**WHITE REVOLUTION 2.0** 25 Dec 2024 - New dairy cooperatives for increased milk production, farmers' income and rural prosperity.
2024	**PM KISAN SAMRIDDHI KENDRAS THROUGH PACS** PACS as one-stop centres for agri-inputs, seeds, fertilizers, advisory and farmer services.	**RUPAY KISAN CREDIT CARD FOR MILK COOPERATIVE MEMBERS** Financial inclusion and easy credit access for dairy farmers and cooperative members.
2024	**MICRO-ATM & DIGITAL COOPERATIVE INITIATIVES** Micro-ATM distribution to Bank Mitra cooperatives for doorstep banking and financial inclusion.	**NATIONWIDE INAUGURATION OF MPACS ON DECEMBER 25, 2024** The ministry inaugurated 10,000 Newly established MPACs and associated diary and fisheries societies in New Delhi.
2025	**UIDAI FRAMEWORK FOR COOPERATIVE BANKS (AePS)** Enhanced digital banking through Aadhaar-enabled services for wider financial inclusion.	**RBI REFORMS FOR COOPERATIVE BANKS** Higher housing loan limits, doorstep banking, gold loan, OTS, branch expansion & regulatory relief.
2025-26	**NATIONAL COOPERATIVE POLICY (2025-26)** A forward-looking policy framework for the next phase of cooperative-led economic development.	NEW **BHARAT TAXI - COOPERATIVE TAXI SERVICE INITIATIVE** 2026 Promoting cooperative-based mobility services for self-reliance and employment generation.

TOGETHER WE GROW • TOGETHER WE PROSPER

8+ LAKH Cooperative Societies	**29+ CRORE** Members	**2+ CRORE** Farmers Benefited	**₹ LAKH CRORE +** Business Network	Women & Youth Empowerment at Scale	Building a Stronger India	Sustainable Future

SAHKAR SE SAMRUDDHI

શ્રી નરેન્દ્રભાઈ મોદી

માનનીય પ્રધાનમંત્રી, ભારત સરકાર

યુગપુરુષના ૧૨ ગૌરવશાળી વર્ષોને શત શત નમન

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને સાદર સમર્પિત

કેટલાક વ્યક્તિત્વો માત્ર સમયના પ્રવાહ સાથે આગળ વધતા નથી; તેઓ સમયને નવી દિશા આપે છે, ઇતિહાસને નવો આયામ આપે છે અને યુગપરિવર્તનના શિલ્પી બનીને રાષ્ટ્રના ભાગ્યને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એવા જ એક વિરલ, પ્રખર અને યુગપ્રેરક નેતા છે, જેમણે પોતાના અખંડ પુરુષાર્થ, અડગ સંકલ્પ અને રાષ્ટ્રસમર્પિત જીવન દ્વારા ભારતના નવયુગનું સર્જન કર્યું છે.

સેવાને સાધના, સુશાસનને સંસ્કાર અને રાષ્ટ્રનિર્માણને જીવનધર્મ બનાવીને આપશ્રીએ છેલ્લા ૧૨ વર્ષોમાં ભારતની વિકાસયાત્રાને અદ્વિતીય ગતિ અને ગૌરવ આપ્યું છે.

આ ૧૨ વર્ષ માત્ર શાસનનો સમયગાળો નથી –

આ ૧૨ વર્ષ ભારતના પુનર્જાગરણની ગૌરવગાથા છે.

આ ૧૨ વર્ષ ૧૪૦ કરોડ ભારતીયોના વિશ્વાસ, સ્વાભિમાન અને સપનાઓને સાકાર કરવાની અવિસ્મરણીય યાત્રા છે.

ગરીબ કલ્યાણથી લઈને આત્મનિર્ભર ભારત સુધી, ખેડૂત કલ્યાણથી લઈને વૈશ્વિક ગૌરવ સુધી, ડિજિટલ ક્રાંતિથી લઈને પારદર્શક શાસન સુધી – દરેક ક્ષેત્રમાં ભારતે નવી ઊંચાઈઓ હાંસલ કરી છે.

"સેવા પરમો ધર્મઃ" આ દિવ્ય ભાવનાને જીવંત સ્વરૂપ આપનાર નેતૃત્વને ખેતી બેંક પરિવાર શત શત નમન કરે છે. ભારતના સહકારી ઇતિહાસમાં ૬ જુલાઈ ૨૦૨૧ નો દિવસ સુવર્ણ અક્ષરોમાં અંકિત થયો, જ્યારે આપશ્રીએ દેશને સ્વતંત્ર સહકાર મંત્રાલય ની ઐતિહાસિક ભેટ આપી. આ માત્ર વહીવટી સુધારો નહોતો; આ દેશના કરોડો ખેડૂતો, ગ્રામજનો અને સહકારી પરિવારોના સપનાઓને નવી શક્તિ આપનાર યુગાંતકારી સંકલ્પ હતો.

"સહકારથી સમૃદ્ધિ" ના મહામંત્ર દ્વારા સહકારને રાષ્ટ્રીય વિકાસના કેન્દ્રસ્થાને સ્થાપિત કરવાનો આપનો દ્રષ્ટિપૂર્ણ નિર્ણય દેશના ઇતિહાસમાં સદા અવિસ્મરણીય રહેશે. દેશના ખેડૂતો, ગામડાં અને સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટે આપનું યોગદાન ભારતના વિકાસ ઇતિહાસમાં સ્વર્ણિમ અધ્યાય બની રહેશે. ખેતી બેંક પરિવાર તરફથી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૧૨ વર્ષના યશસ્વી સેવા અને સુશાસનને હૃદયપૂર્વક શત શત નમન.

ડોલર કોટેચા
ચેરમેન

શ્રી અમિતભાઈ શાહ

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકાર

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહને કોટી કોટી વંદન.

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબને સાદર કૃતજ્ઞ વંદન ઇતિહાસના પાને કેટલીક ક્ષણો એવી લખાય છે, જે માત્ર સમયની નોંધ બનીને રહેતી નથી – પરંતુ યુગપરિવર્તનનું શાશ્વત પ્રતીક બની જાય છે. ભારતના સહકારી ક્ષેત્ર માટે ૬ જુલાઈ, ૨૦૨૧ એવો જ એક ઐતિહાસિક દિવસ હતો, જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદ્રષ્ટિથી સ્વતંત્ર સહકાર મંત્રાલય ની રચના થઈ અને આ ઐતિહાસિક જવાબદારી માનનીય શ્રી અમિતભાઈ શાહ સાહેબને સોંપવામાં આવી. આ માત્ર એક મંત્રાલયની રચના નહોતી – આ કરોડો ખેડૂતો, ગ્રામજનો અને સહકારી પરિવારોના સપનાઓને નવી દિશા આપતો યુગાંતકારી સંકલ્પ હતો.

માનનીય અમિતભાઈ શાહ સાહેબના દ્રઢ નેતૃત્વ, અખંડ પુરુષાર્થ અને દુરંદેશી દ્રષ્ટિકોણ હેઠળ છેલ્લા ૫ વર્ષોમાં દેશના સહકારી ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તનનો અનુભવ કર્યો છે. વર્ષો સુધી ઉપેક્ષિત રહેલા સહકારી ક્ષેત્રને નવી ઓળખ મળી છે. નવી ઊર્જા મળી છે. નવી દિશા મળી છે. આજે સહકાર માત્ર વ્યવસ્થા નથી – સહકાર સમૃદ્ધિનો માર્ગ છે. સહકાર આત્મનિર્ભર ભારતનો મજબૂત આધારસ્તંભ છે.

“સહકારથી સમૃદ્ધિ” ના દિવ્ય સંકલ્પને માનનીય અમિતભાઈ શાહ સાહેબે રાષ્ટ્રીય જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે. છેલ્લા પાંચ વર્ષોમાં સહકારી ક્ષેત્રમાં અનેક ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ થઈ છે. ખાસ કરીને ARDBs (Agricultural & Rural Development Banks) માટે લેવામાં આવેલા નિર્ણયો સહકારી ક્ષેત્રના ઇતિહાસમાં સ્વર્ણિમ અધ્યાય સમાન છે. દેશભરની ARDB ના કમ્પ્યુટરાઇઝેશન, ડિજિટલાઇઝેશન અને આધુનિકીકરણ માટે લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયોથી વર્ષો જૂની સંસ્થાઓમાં નવી જીવંતતા આવી છે. ટેક્નોલોજી આધારિત પારદર્શક ગવર્નન્સ, ઝડપી કાર્યક્ષમતા અને આધુનિક બેન્કિંગ માળખું આજે સહકારી ક્ષેત્રને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યું છે.

આ ઉપરાંત -

● National Cooperative Policy દ્વારા સહકારી ક્ષેત્રને નવી દિશા ● Tax Refroms દ્વારા સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન ● Multi-State Cooperative Refroms દ્વારા મજબૂત માળખું ● World’s Largest Grain Stroage Plan દ્વારા કૃષિ સુરક્ષા ● White Revolution Strengthening દ્વારા ગ્રામિણ સમૃદ્ધિ ● સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટે અનેક સુધારાત્મક પગલાં

આ તમામ પહેલોએ દેશના સહકારી ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ સર્જી છે. ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી સંસ્થાઓને સશક્ત બનાવવા માટે આપશ્રીએ કરેલા નિર્ણયો લાખો પરિવારોના જીવનમાં આશા, વિશ્વાસ અને સમૃદ્ધિનો નવો પ્રકાશ લાવી રહ્યા છે. ખેતી બેંક પરિવાર માટે આ ગૌરવની ક્ષણ છે કે અમે આવા ઐતિહાસિક પરિવર્તનના સાક્ષી છીએ.

સહકાર મંત્રાલયના ૫ ગૌરવશાળી વર્ષો પૂર્ણ થવાના આ અવસરે ખેતી બેંક પરિવાર માનનીય અમિતભાઈ શાહ સાહેબના દ્રષ્ટિવંત નેતૃત્વને હૃદયપૂર્વક વંદન કરે છે. આપનું નેતૃત્વ સહકારી ક્ષેત્ર માટે પ્રેરણાશક્તિ છે. આપનો દ્રષ્ટિકોણ દેશના કરોડો ખેડૂતો માટે આશાનું કેન્દ્ર છે.

પ્રભુને પ્રાર્થના કરું છું કે આપના નેતૃત્વ હેઠળ ભારતનું સહકારી ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરીને “સહકારથી સમૃદ્ધિ” ના રાષ્ટ્રીય સંકલ્પને પૂર્ણતા સુધી પહોંચાડે.

માનનીય શ્રી અમિતભાઈ શાહ સાહેબને ખેતી બેંક પરિવાર તરફથી સહૃદય અભિનંદન, અખૂટ આદર અને શત શત કૃતજ્ઞ વંદન.

ડોલર કોટેચા
ચેરમેન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સાદર કૃતજ્ઞ વંદન

સમયના પ્રવાહમાં કેટલીક વ્યક્તિઓ માત્ર પદ પર બિરાજમાન નથી હોતી; તેઓ પોતાના કર્તવ્ય, કરુણા અને કર્મનિષ્ઠાથી સમાજના હૃદયમાં સ્થાન પામે છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ એવું જ એક વિરલ અને વંદનીય વ્યક્તિત્વ છે, જેમના શાંત સ્વભાવમાં સંવેદનાનો સાગર છે, જેમની સાદગીમાં અદભુત ઊંચાઈ છે અને જેમના નેતૃત્વમાં જનકલ્યાણનો દિવ્ય સંકલ્પ સ્પંદિત થાય છે.

ગુજરાત આજે વિકાસની જે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, તેની પાછળ આપનું દ્રષ્ટિવંત, સ્થિર અને પ્રજાલક્ષી નેતૃત્વ મજબૂત આધારસ્તંભ બની રહ્યું છે. આપના માર્ગદર્શન હેઠળ વિકાસ માત્ર યોજનાઓમાં સીમિત રહ્યો નથી – તે ગામડાં સુધી પહોંચ્યો છે, ખેડૂતો સુધી પહોંચ્યો છે, અને સમાજના અંતિમ માનવીના જીવનમાં આશા બનીને પ્રગટ્યો છે.

કૃષિ, ગ્રામિણ વિકાસ, જળસંચય, સિંચાઈ, માર્ગ વ્યવસ્થા અને સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટે આપશ્રીએ લીધેલા નિર્ણયો આજે લાખો પરિવારોના જીવનમાં નવી દિશા સર્જી રહ્યા છે. ખાસ કરીને ખેડૂત હિત માટે આપના સંવેદનશીલ માર્ગદર્શન અને સહકારથી ખેતી બેંક દ્વારા અમલમાં આવેલી વન ટાઇમ સેટલમેન્ટ યોજના (OTS) હજારો ખેડૂત પરિવારો માટે નવજીવન સમાન સાબિત થઈ છે.

આ ઐતિહાસિક નિર્ણયના પરિણામે ખેતી બેંકે ખેડૂતોના હિતમાં ₹૧૧૦ કરોડથી વધુ રકમની રાહત આપીને ગૌરવપૂર્ણ ઇતિહાસ સર્જ્યો છે.

વર્ષોથી કર્જના ભાર નીચે દબાયેલા હજારો ખેડૂતોને આ યોજનાએ માત્ર રાહત જ નથી આપી – પરંતુ તેમને નવી આશા આપી છે, નવો આત્મવિશ્વાસ આપ્યો છે, અને ફરીથી સ્વાભિમાન સાથે જીવવાનો અધિકાર આપ્યો છે.

ગીરો મુકાયેલી જમીન જ્યારે મુક્ત થાય છે, ત્યારે માત્ર જમીન જ મુક્ત થતી નથી – એક ખેડૂતનું મન મુક્ત થાય છે, એક પરિવારની ચિંતા ઓગળી જાય છે, અને ભવિષ્યમાં ફરી આશાનો સૂર્યોદય થાય છે. આ પરિવર્તન માત્ર આર્થિક સહાયનું પરિણામ નથી. આ માનવતા, સંવેદના અને પ્રજાહિત પ્રત્યેની આપની અખંડ પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતિબિંબ છે.

ખેતી બેંક પોતાના અમૃત મહોત્સવ વર્ષમાં પ્રવેશી રહી છે, તેવા આ ગૌરવપૂર્ણ અવસરે અમે માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. આપનું માર્ગદર્શન, આપનો વિશ્વાસ અને આપનો સહયોગ અમારે માટે પ્રેરણાશક્તિ સમાન છે.

પ્રભુને પ્રાર્થના કરું છું કે આપના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ગુજરાત વિકાસ, સમૃદ્ધિ અને જનકલ્યાણના નવા શિખરો સર કરતું રહે અને સમગ્ર રાષ્ટ્ર માટે આદર્શ બને. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને ખેતી બેંક પરિવાર તરફથી સહૃદય અભિનંદન, અખૂટ આદર અને શત શત કૃતજ્ઞ વંદન.

ડોલર કોટેચા
ચેરમેન

શ્રી હર્ષભાઈ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને સાદર કૃતજ્ઞ વંદન

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લિમિટેડ (ખેતી બેંક)ની ૭૫ વર્ષની ગૌરવશાળી યાત્રા લાખો ખેડૂતોના વિશ્વાસ, સહકારના સંસ્કારો અને અનેક મહાનુભાવોના સ્નેહ તથા માર્ગદર્શનથી સુવર્ણ બની છે.

આ ગૌરવપૂર્ણ યાત્રામાં ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા ખેતી બેંકને મળેલા અમૂલ્ય સહયોગ, અવિરત પ્રોત્સાહન, આત્મીય માર્ગદર્શન અને વ્યક્ત કરેલા વિશ્વાસ બદલ હું, ખેતી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, અધિકારીઓ, કર્મચારીઓ અને લાખો ખેડૂત સભાસદો વતી હૃદયની ઊંડાઈમાંથી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

આપનો વિશ્વાસ અમારા માટે સન્માન જ નહીં, પરંતુ ખેડૂતોની વધુ સમર્પિત ભાવનાથી સેવા કરવાનો સંકલ્પ વધુ દૃઢ બનાવે છે. આપનું સ્નેહભર્યું માર્ગદર્શન ભવિષ્યમાં પણ ખેતી બેંકને ખેડૂત કલ્યાણ, ગ્રામિણ સમૃદ્ધિ અને **'સહકારથી સમૃદ્ધિ'** ના પવિત્ર ધ્યેય તરફ નવી શક્તિ અને નવી પ્રેરણા આપતું રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરું છું.

પરમાત્મા આપને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને ગુજરાતની જનસેવામાં સતત યશ, શક્તિ અને સફળતા પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના.

ડોલર કોટેચા
ચેરમેન

શ્રી જિતુભાઈ વાઘાણી

માનનીય કૃષિ અને સહકાર મંત્રી, ગુજરાત સરકાર

માનનીય કૃષિ અને સહકાર મંત્રી શ્રી જિતુભાઈ વાઘાણીને સાદર કૃતજ્ઞ વંદન

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લિમિટેડ (ખેતી બેંક)ની ૭૫ વર્ષની ગૌરવશાળી વિકાસયાત્રા અસંખ્ય ખેડૂત પરિવારોના વિશ્વાસ, સહકારની પવિત્ર ભાવના અને અનેક મહાનુભાવોના સ્નેહ, માર્ગદર્શન તથા સહયોગથી સુવર્ણ બની છે.

આ ઐતિહાસિક યાત્રામાં માનનીય શ્રી જિતુભાઈ વાઘાણી દ્વારા ખેતી બેંકને મળેલો આત્મીય સહયોગ, અવિચળ વિશ્વાસ, સમયાંતરે પ્રાપ્ત થયેલું અમૂલ્ય માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન માટે હું, ખેતી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, અધિકારીઓ, કર્મચારીઓ તથા લાખો ખેડૂત સભાસદો વતી હૃદયની ઊંડાઈમાંથી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

આપે ખેતી બેંક પ્રત્યે દર્શાવેલો સ્નેહ અને વિશ્વાસ અમારી સંસ્થાની વિકાસયાત્રાનું અમૂલ્ય પ્રેરણાબળ રહ્યું છે. આપનો સહયોગ અમારા માટે માત્ર પ્રોત્સાહન નથી, પરંતુ લાખો ખેડૂત પરિવારોના જીવનમાં સમૃદ્ધિ, આત્મવિશ્વાસ અને આશાના નવા દીપ પ્રગટાવવાની પવિત્ર જવાબદારીનું સતત સ્મરણ કરાવે છે. આ જ સ્નેહ અને આશીર્વાદના બળે ખેતી બેંક ભવિષ્યમાં પણ ખેડૂતોના સર્વાંગી કલ્યાણ, ગ્રામિણ સમૃદ્ધિ અને **'સહકારથી સમૃદ્ધિ'** ના રાષ્ટ્રીય સંકલ્પને વધુ દૃઢતાથી સાકાર કરવા અવિરત કાર્યરત રહેશે.

પરમાત્મા આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને જનકલ્યાણના કાર્યમાં સતત યશ, શક્તિ અને સફળતા અર્પે તેવી હાર્દિક પ્રાર્થના સાથે ફરી એકવાર અંતઃકરણપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

ડોલર કોટેચા
ચેરમેન

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ - ૨૦૨૫ ઊજવણી

તા. ૧૪-૦૨-૨૦૨૬ ના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ મંથન બેઠકમાં ખેતી બેંકની કામગીરી અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ પ્રગતિ દર્શક માહિતી દર્શાવતા સ્ટોલની તસવીર.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ મંથન બેઠકમાં ઉપસ્થિત રહેલ દેશના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માન. શ્રી અમિતભાઈ શાહજી, ગુજરાતના મુખ્યમંત્રી માન. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી માન. શ્રી હર્ષભાઈ સંઘવી, ગુજરાત વિધાનસભાના સ્પીકર માન. શ્રી શંકરભાઈ ચૌધરી તથા ગુજરાતના કૃષિ તથા સહકાર મંત્રી માન. શ્રી જીતુભાઈ વાઘાણી દ્રષ્ટિગોચર થાય છે.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ મંથન બેઠકમાં ખેતી બેંકની કામગીરી અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ પ્રગતિ દર્શક માહિતી દર્શાવતા સ્ટોલની મુલાકાતે દેશના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માન. શ્રી અમિતભાઈ શાહજી પધારેલ.

બેંકના જનરલ મેનેજર ગ્રેડ-૧ શ્રી કે. બી. પટેલ અને જનરલ મેનેજર ગ્રેડ-૨ ભૂમિકા એમ. રાયચડા તથા P.R.O. શ્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા તેઓશ્રીને શાલ, પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ મંથન બેઠકમાં ખેતી બેંકની કામગીરી અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ પ્રગતિ દર્શક માહિતી દર્શાવતા સ્ટોલની મુલાકાતે ગુજરાત વિધાનસભાના સ્પીકર માન. શ્રી શંકરભાઈ ચૌધરી પધારેલ.

બેંકના જનરલ મેનેજર ગ્રેડ-૧ શ્રી કે. બી. પટેલ અને જનરલ મેનેજર ગ્રેડ-૨ ભૂમિકા એમ. રાયચડા તથા P.R.O. શ્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા તેઓશ્રીને શાલ, પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ.

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ - ૨૦૨૫ ઊજવણી

બેંકની ૭૩મી વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલ ગુજરાતનાં માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દીપ પ્રાગટ્ય કરી વક્તવ્ય આપતા દ્રષ્ટિગોચર થાય છે. આ અવસરે બેંકના ખેડૂત ખાતેદારશ્રીના અવસાન બદલ તેઓના વારસદારને અકસ્માત વીમા પોલિસીના ચેક તેઓશ્રીના વરદ્‌હસ્તે અર્પણ કરવામાં આવેલ.

બેંકની ૭૩મી વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલ ગુજરાતનાં માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્‌હસ્તે બેંકની ધિરાણ, વસૂલાત, ફિક્સ ડિપોઝીટ, સેવિંગ્ઝ એકાઉન્ટ કામગીરીમાં સર્વપ્રથમ રહેલ જીલ્લાના જીલ્લા ડિરેકટરશ્રી અને જીલ્લા મેનેજરશ્રીને શિલ્ડ અર્પણ કરી બહુમાન કરતાં દ્રષ્ટિગોચર થાય છે.

બેંકના ખેડૂત ખાતેદારશ્રીના અવસાન બદલ તેઓના વારસદારને બેંકની અકસ્માત વીમા સહાયનો ચેક અર્પણ કરતાં દ્રષ્ટિગોચર થાય છે.

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ - ૨૦૨૫ ઊજવણી

બેંકની ભાવનગર જીલ્લાની નવીન જેસર શાખાનું ઉદઘાટન ગુજરાત રાજ્યના કૃષિ અને સહકાર મંત્રી માન. શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ્‌હસ્તે કરવામાં આવેલ. બેંકના માન. ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા તેઓનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરતાં દ્રષ્ટિગોચર થાય છે.

બેંકની શુભેચ્છા મુલાકાતે પધારેલ ગુજરાત ભા.જ.પ.ના સંગઠન મહામંત્રી માન. શ્રી રત્નાકરજીનું બુકે અર્પણ કરી અભિવાદન કરતાં બેન્કના માન. ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા દ્રષ્ટિગોચર થાય છે.

બેંકની શુભેચ્છા મુલાકાતે પધારેલ સહકાર મંત્રાલયના એડીશનલ સેક્રેટરીશ્રી પંકજ કુમાર બંસલનું પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરતાં બેંકના માન. ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા દ્રષ્ટિગોચર થાય છે.

બેંકની શુભેચ્છા મુલાકાતે પધારેલ ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ અને સહકાર મંત્રી માન. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું શાલ તથા મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરતાં બેંકના માન. ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા દ્રષ્ટિગોચર થાય છે.



ફેડરેશન નવી મુંબઈની બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટિંગમાં બેંકની વડી કચેરી અમદાવાદ મુકામે પધારેલ ઈફ્કોના ચેરમેન માન. શ્રી દિલીપભાઈ સંઘાણી, NCUI ના વાઈસ પ્રેસિડેન્ટ માન. ડૉ. શ્રી બીજેન્દર સિંઘ તથા બેંકના ચેરમેન માન. શ્રી ડોલરભાઈ કોટેચા દ્રષ્ટિગોચર થાય છે.

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ - ૨૦૨૫ ઊજવણી

NAFCARD અને ICA-AP Committee on Credit and Banking (ICCB) અંતર્ગત ઈન્ડોનેશિયા, જૉર્ડન, નેપાળ, શ્રીલંકા અને પેલેસ્ટેનીયાથી પધારેલ ડેલીગેટ્સની અમદાવાદ વડી કચેરીએ બોર્ડરૂમમાં યોજાયેલ મીટીંગમાં બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા, NAFCARDના M.D. શ્રી કે.કે. રવીન્દ્રન અને બેન્કના અધિકારીશ્રીઓ.

ગુજરાત રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી. સિનિયર ધારાસભ્ય એવા કિરીટસિંહ રાણા ખેતી બેંકની શુભેરછા મુલાકાત લીધી આ ક્ષણે ચેરમેન સાહેબે સ્વાગત કર્યું.



ભારતીય જનતા પાર્ટીના યુવા અને ડાયનેમિક પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ ખેતી બેંકની શુભેરછા મુલાકાત લીધી આ ક્ષણે ચેરમેન સાહેબે સ્વાગત કર્યું.

બેંકના કરાર આધારિત કર્મચારીઓને બેંકની નોકરીમાં કાયમી નિમણૂકના આદેશો એનાયત કરતાં બેંકના વાઇસ ચેરમેન શ્રી જીવણભાઈ આહીર.

ભારતીય જનતા પાર્ટીના સિનિયર આગેવાન પૂર્વ મેયર અમદાવાદ શહેર એવા ધારાસભ્ય એલીસબ્રીજ શ્રી અમિતભાઈ શાહ ખેતી બેંકની વડી કચેરી ખાતે ધ્વજ વંદન કર્યું.

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ - ૨૦૨૫ ઊજવણી

બેંકમાં દર વર્ષે ધામધૂમ પૂર્વક યોજાતા ગણેશ મહોત્સવ પ્રસંગે ધાર્મિક વિધિમાં ભાગ લઈ રહેલા બેંકના માન. ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા.

વડી કચેરીએ યોજાતા ગણેશ મહોત્સવ પ્રસંગે ઉત્સાહભેર ભાગ લઈ રહેલા વડી કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ.

તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ યોજાયેલ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ઉપસ્થિત રહેલ એલિસબ્રિજ વિધાનસભા મત વિસ્તારના માન. ધારાસભ્યશ્રી અમિતભાઈ શાહ તથા વડી કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ.

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે વડી કચેરીએથી પ્રસ્થાન કરવામાં આવેલ તિરંગા રેલીમાં ભાગ લઈ રહેલા વડી કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ.

વર્ષ ૨૦૨૫-૨૬ની મુખ્ય નવી પહેલ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને માનનીય કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિત શાહ ના માર્ગદર્શન હેઠળ બેંક દ્વારા સભાસદ કલ્યાણ અને ખેડૂત સશક્તિકરણ માટે અનેક નવીન પહેલો અમલમાં મૂકવામાં આવી છે.

વર્ષ દરમિયાન ખેડૂતોને ઝડપી, અને સરળ ધિરાણ સુવિધા ઉપલબ્ધ કરાવવા "કૃષિ મિત્ર યોજના" શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ માત્ર ૧૦% વ્યાજદરે રૂ. ૫૦ હજાર સુધીની લોન ઉપલબ્ધ કરવામાં આવે છે, જે ખેડૂતોને કૃષિ તથા કૃષિ આધારિત આવકવર્ધક પ્રવૃત્તિઓ માટે સશક્ત બનાવે છે.

આ ઉપરાંત સભાસદો અને તેમના પરિવારજનોની આર્થિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવા બેંક દ્વારા "છત્રછાયા બચત સુરક્ષા વીમા યોજના" અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ બચત ખાતા, ફિક્સ્ડ ડિપોઝિટ (FD) ખાતા તથા લોન ખાતાધારકોને ₹૨૭ લાખ સુધીનું વીમા સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવે છે. યોજનાની વિશેષતા એ છે કે વીમાના પ્રીમિયમનો સંપૂર્ણ ખર્ચ બેંક દ્વારા વહન કરવામાં આવે છે, જેથી સભાસદોને કોઈ વધારાનો ખર્ચ કર્યા વગર વ્યાપક સુરક્ષાનો લાભ મળે છે.

આ પહેલ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર અને સમૃદ્ધ ગ્રામ્ય ભારતના વિઝન તથા માનનીયશ્રી અમિતભાઈ શાહના સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવાના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. બેંક ખેડૂતો, સભાસદો અને ગ્રામ્ય પરિવારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે.

બેંકના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ

શ્રી ડોલર કોટેચા
ચેરમેનશ્રી

શ્રી જીવણભાઈ બી. આહીર
વાઈસ ચેરમેનશ્રી

શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ચેરમેનશ્રી નાફેડ

શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
ધારાસભ્યશ્રી,
માંડવી, ગુજરાત

શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા
પૂર્વ ધારાસભ્યશ્રી,
પૂર્વ ચેરમેનશ્રી

શ્રી જશાભાઈ બી. બારડ
પૂર્વ મંત્રીશ્રી
ગુજરાત સરકાર

શ્રી વિરજીભાઈ કે. ઠુમ્મર
પૂર્વ સાંસદશ્રી



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ
પૂર્વ ધારાસભ્યશ્રી

શ્રી મંગળસિંહ આર. પરમાર

શ્રી કાનભા એફ. ગોહિલ

બેંકના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ

શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ

શ્રી ફલજીભાઇ ગેમરભાઇ પટેલ

શ્રી હરદેવસિંહ ટી. જાડેજા

શ્રી નટવરસિંહ એસ. મહીડા

શ્રી ગણપતસિંહ બી. સોલંકી

શ્રી સુરેશભાઇ ડી. પટેલ

શ્રી રામજીભાઇ એચ. ચૌધરી

શ્રી જિજ્ઞેશકુમાર એન. ઠાકોર

શ્રી. એમ.પી. પંડયા IAS
રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,
ગુજરાત સરકાર

શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી
નાબાર્ડ

વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

આથી જનરલ બોડીના સભ્યો (બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા પ્રતિનિધિશ્રી અને શાખા સમિતિના સભ્યશ્રીઓ)ને જાણ કરવામાં આવે છે કે સને ૨૦૨૫-૨૬ના પુરા થયેલ વર્ષની બેંકની ૭૪ મી વાર્ષિક સામાન્ય સભા (જનરલ બોડીની મીટીંગ પેટા કાયદા નં. ૮૪ની જોગવાઇ મુજબ) તા. ૦૯-૦૭-૨૦૨૬ને ગુરૂવારના રોજ બપોરના ૧૨.૩૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ અને કોમ્યુનિટી હોલ, રાજપથ ક્લબની પાછળ, બોડકદેવ, અમદાવાદ મુકામે નીચેના કામકાજ માટે મળશે. જેમાં હાજર રહેવા વિનંતી છે.

કાર્યસૂચિ

૧	આ બેંકની તા.૦૭/૦૮/૨૦૨૫ને ગુરૂવારના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં થયેલ કાર્યવાહી નોંધ લેવા બાબત.
૨	તા. ૩૧ મી માર્ચ ૨૦૨૬ ના રોજ પુરા થયેલ વર્ષ માટે સંચાલક મંડળે રજુ કરેલો વાર્ષિક અહેવાલ અને અન્વેષકશ્રી (ઓડીટરશ્રી) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ સરવૈયુ, નફા-નુકશાનનું પત્રક અને ઓડિટર્સ રિપોર્ટ મંજૂર રાખવા બાબત. (અહેવાલની વિગતે)
૩	બેંકના વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યા મુજબ વર્ષ: ૨૦૨૫-૨૬ના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત. (અહેવાલની વિગતે)
૪	બેંકના સંચાલક મંડળે સભાસદોને ૧૫% ડીવીડન્ડ આપવા ભલામણ કરેલ છે, તેને મંજુરી આપવા બાબત. (અહેવાલની વિગતે)
૫	રજીસ્ટ્રારશ્રી, સ.મં., ગુ.રા, ગાંધીનગર તરફથી પત્ર નં.૦૯૩૧/૦૨/૨૦૨૬ તા.૦૬/૦૩/૨૦૨૬ થી બેંકના મંજુર થઇને આવેલ પેટા નિયમ નં. ૧૧(ખ)ની નોંધ લેવા બાબત.
૬	બેંકના પેટા કાયદા નં.૩ (૧૪)નો સૂચિત ઉમેરો કરી દરખાસ્ત માન. રજીસ્ટ્રારશ્રી, સ.મં., ગુ.રા, ગાંધીનગરની મંજૂરી અર્થે મોકલી આપવા. (અહેવાલની વિગતે)
૭	સભાસદોને ભેટ આપવા બાબત.
૮	વર્ષ: ૨૦૨૬-૨૭ના વર્ષના હિસાબોનું અન્વેષણ (ઓડીટ) કરવા માટે સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણુંક કરવા તથા તેમનું વેતન નક્કી કરવા બાબત.
૯	સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (ઓડીટ), સ.મં., રાજકોટ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ના કરવામાં આવેલ ઓડીટ અંગેના અહેવાલની નોંધ લેવા બાબત.
૧૦	વર્ષ દરમ્યાન બેંકની સેટલમેન્ટ યોજના અંતર્ગત ખાતેદારોને આપેલ વ્યાજ રાહતની નોંધ લેવા બાબત.
૧૧	પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય કોઇ રજુઆત થાય તે પર ચર્ચા વિચારણા કરવા.

તા.: ૨૨-૦૬-૨૦૨૬
સ્થળ: ૪૮૯, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

GSC ARD BANK

બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીના હુકમથી,
-Sd-
(કે. બી. પટેલ)
જનરલ મેનેજર ગ્રેડ-૧

નોંધ:-
૧. બેંકના જે પ્રતિનિધિને આ વર્ષના સરવૈયા તથા હિસાબો બાબતે કોઇપણ માહિતી જોઇતી હોય તો તા. ૨૩/૬/૨૦૨૬ થી સાત (૭) દિનમાં લેખિત માંગણી કરવાની રહેશે.
૨. કોરમના અભાવે ઉપરોક્ત કાર્યસૂચિ મુજબની સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે, જેમાં કોરમનો બાધ રહેશે નહી.

બેંકના મંજૂર થઇને આવેલ પેટા કાયદા નંબર ૧૧(ખ)

પેટા નિયમ નંબર	પેટા કાયદામાં સુચિત સુધારો
૧૧(ખ)	બેંકમાંથી ધિરાણ લેનારે લીધેલ લોનની રકમના ઓછામાં ઓછા ૨.૫% જેટલી રકમના શેર ધારણ કરવાના રહેશે.

બેંકના પેટા કાયદા નં.૩(૧૪)માં સૂચિત ઉમેરો મંજુર કરવા બાબત.

૩ (૧૪)	ઉમેરો	"બેંક, Insurance Regulatory and Development Authority of India (IRDAI) અને તેની માર્ગદર્શિકાઓને આધીન રહી Corporate Agent તરીકે જીવન વીમા, સામાન્ય વીમા, આરોગ્ય વીમા, વ્યક્તિગત અકસ્માત વીમા તથા અન્ય તમામ વીમા સેવાનું માર્કેટીંગ, વિતરણ, સોલીસીટેશન, નવીનીકરણ અને ગ્રાહક સેવા સંબંધિત કામગીરી કરી શકશે." "બેંક આ હેતુ માટે વીમા કંપનીઓ સાથે એજન્સી કરાર, કોર્પોરેટ એજન્સી કરાર અથવા અન્ય મંજૂર વ્યવસ્થાઓ કરી શકશે તથા તે બદલ કમિશન, ફી, પ્રોત્સાહન રકમ અથવા અન્ય માન્ય આવક પ્રાપ્ત કરી શકશે". "વીમા વ્યવસાયના સંચાલન માટે બેંક જરૂરી સ્ટાફ, તાલીમ, ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરી શકશે".	સભાસદો અને ગ્રાહકોને બેંકીંગ સાથે વીમા સેવાઓ ઉપલબ્ધ કરાવવા. બેંકની Fee Based Income માં વધારો કરવા. બેંકના વ્યવસાયમાં વૈવિધ્યતા (Diversification) લાવવા. IRDAI ની નીતિઓ મુજબ કોર્પોરેટ એજન્સી મોડેલ હેઠળ વ્યવસાય કરવા.

માનનીય ચેરમેનશ્રીનો સંદેશ

પ્રિય સભાસદશ્રીઓ, ખેડૂત ભાઈઓ અને બહેનો,
થાપણદારો, સહકારી આગેવાનો.

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિમિટેડની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક અહેવાલિકા આપ સૌની સમક્ષ રજૂ કરતાં હૃદયમાં અનેક લાગણીઓ એક સાથે ઉદભવે છે ગૌરવની, કૃતજ્ઞતાની, જવાબદારીની ભવિષ્ય પ્રત્યેના અડગ વિશ્વાસની.

કેટલાક વર્ષો માત્ર કેલેન્ડરના પાનાઓમાં નોંધાતા નથી, તે ઇતિહાસમાં અંકિત થાય છે.

આ વર્ષ એવો જ એક ઐતિહાસિક સમયગાળો છે.

એક તરફ આપણી બેંક પોતાની પંચોતેર વર્ષની ગૌરવશાળી યાત્રા પૂર્ણ કરી રહી છે, તો બીજી તરફ ભારત સરકારના સ્વતંત્ર સહકાર મંત્રાલયની સ્થાપનાના **૫ વર્ષ** પૂર્ણ થઈ રહ્યા છે. એક તરફ સહકારના **વટવૃક્ષના પંચોતેર વર્ષ** છે, તો બીજી તરફ **સહકારના નવા યુગના પાંચ વર્ષ** છે.

આ બંને પ્રસંગો માત્ર ઉજવણીના અવસર નથી.

આ બંને પ્રસંગો **"સહકારની શક્તિ, ખેડૂતોના વિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પના પ્રતિક છે."**

જ્યારે આપણે પંચોતેર વર્ષની આ યાત્રા તરફ પાછળ ફરીને જોઈએ છીએ ત્યારે સમજાય છે કે આ યાત્રા માત્ર એક બેંકની નથી.

આ યાત્રા ગુજરાતના ગામડાઓની છે.

આ યાત્રા લાખો ખેડૂતોના પરિશ્રમની છે.

આ યાત્રા એવા પરિવારોની છે જેમને જીવનના મુશ્કેલ સમયમાં આ સંસ્થામાં વિશ્વાસ મૂક્યો હતો.

અને આ યાત્રા એવા સહકારી આગેવાનોની છે જેમણે પોતાના જીવનનો દરેક શ્વાસ ખેડૂત અને ગ્રામ વિકાસ માટે સમર્પિત કર્યો હતો.

અને આપણી બેંકનો ઇતિહાસ કોઈ ઈમારતથી શરૂ થતો નથી.

તે એક સ્વપ્નથી શરૂ થાય છે.

એક એવા સ્વપ્નથી, જેમાં ખેડૂત માત્ર કરજદાર ન રહે, પરંતુ વિકાસનો ભાગીદાર બને.

ગામ માત્ર વસવાટનું સ્થળ ના રહે, પરંતુ સમૃદ્ધિનું કેન્દ્ર બને.

અને સહકાર માત્ર કાયદાની જોગવાઈ ન રહે, પરંતુ જીવન જીવવાની પદ્ધતી બને.

આ સ્વપ્નને સાકાર સ્વરૂપ આપનાર મહાન વ્યક્તિત્વ હતા સ્વર્ગસ્થ પદ્મશ્રી શ્રી ઉદયભાણસિંહજી જેઠવા.

આપણી બેંકની પંચોતેર વર્ષની ગાથા લખાય અને તેમાં ઉદયભાણસિંહજી જેઠવાનું નામ ન આવે તે શક્ય નથી.

તેઓ માત્ર સ્થાપક ચેરમેન ન હતા

તેઓ આપણી સંસ્થાના આત્મા હતા.

તેઓ ખેડૂત અધિકારના પ્રખર યોદ્ધા હતા.

તેઓ સહકારના સાચા સાધક હતા.

અને તેઓ પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી આ સંસ્થાના ચેરમેન તરીકે ખેડૂત હિત માટે કાર્યરત રહ્યા હતા.

ગુજરાતનાં કૃષિ ઇતિહાસમાં તેમનું સૌથી મોટું યોગદાન હતું. ૫૬,૦૦૦ થી વધુ ગણોતિયા ખેડૂતોને જમીનના માલિકી હક્ક અપાવવાનો ઐતિહાસિક સંઘર્ષ

આ માત્ર કાયદાકીય સુધારો ન હતો,...

આ સામાજીક ન્યાયનો મહાયજ્ઞ હતો.

જ્યારે કોઈ ખેડૂત પોતાની જ ખેડેલી જમીનનો માલિક બને છે ત્યારે માત્ર જમીનના કાગળ બદલાતા નથી

એક પરિવારનું ભવિષ્ય બદલાય છે

એક પેઢીનું ભાગ્ય બદલાય છે

અને સમાજમાં સ્વાભિમાન જન્મે છે

આજે ગુજરાતના હજારો પરિવારના ઘરોમાં જે સમૃદ્ધિ, સુરક્ષા અને આત્મવિશ્વાસ જોવા મળે છે તેમાં ઉદયભાણસિંહજી જેઠવાના જીવન સંઘર્ષનો અવિસ્મરણીય હિસ્સો છે.

આ વર્ષને સ્મરણીય બનાવવા માટે બેંક દ્વારા "ખેતી બેંક: પંચોતેર વર્ષની ગૌરવ ગાથા" નામની ડિજિટલ ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે.

સાથે જ સ્વ.પદ્મશ્રી ઉદયભાણસિંહજી જેઠવાના જીવન, સંઘર્ષ, વિઝન અને યોગદાનને સમર્પિત વિશેષ ગ્રંથનું પ્રકાશન પણ કરવામાં આવ્યું છે.

આ બંને પ્રયત્નો માત્ર સ્મરણ માટે નથી

આવતી પેઢીઓને પ્રેરણા આપવા માટે છે.

કારણ કે જે સમાજ પોતાના ઈતિહાસને યાદ રાખે છે, તે જ સમાજ ભવિષ્યનો મજબૂત પાયો રચી શકે છે.

આજે ભારત પણ એક નવા ઈતિહાસના સર્જનના માર્ગ પર છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના દૂરંદેશી નેતૃત્વ હેઠળ દેશ "વિકસિત ભારત–૨૦૪૭" ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે.

તેમણે દેશને માત્ર વિકાસનો માર્ગ બતાવ્યો નથી, પરંતુ વિકાસને લોકોના જીવન સાથે જોડ્યો છે.

"સહકારથી સમૃદ્ધિ" નો મંત્ર એ માત્ર એક સૂત્ર નથી.

તે ભારતના ગ્રામ્ય પુનર્જાગરણનું દર્શન છે.

તે ખેડૂતોના આત્મસન્માન ની વાત છે

તે આત્મનિર્ભર ભારતના નિર્માણનો માર્ગ છે

સહકાર ક્ષેત્રને નવી ઓળખ આપવાનો ઐતિહાસિક નિર્ણય હતો સ્વતંત્ર સહકાર મંત્રાલયની સ્થાપના.

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં સહકાર ક્ષેત્રે જે પરિવર્તન આવ્યું છે તે અભૂતપૂર્વ છે.

વર્ષો સુધી ઉપેક્ષિત રહેલા સહકાર ક્ષેત્રમાં આજે નવી ઊર્જા છે.

નવી દિશા છે

નવી આશા છે

PACSના કોમ્પ્યુટરાઈઝેશનથી લઈને કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોના આધુનિકીકરણ સુધી રાષ્ટ્રીય સહકારી નિતી થી લઈને વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના સુધી સહકારી સંસ્થાઓને કાર રાહતથી લઈને નવી રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ જેવી કે "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી"ની રચના સુધી અનેક ઐતિહાસિક નિર્ણયો દ્વારા સહકાર ક્ષેત્રને નવી શક્તિ મળી છે.

આજે દેશના સહકારી ક્ષેત્રમાં જે આત્મવિશ્વાસ જોવા મળે છે તેની પાછળ આ દ્રષ્ટિ અને આ નેતૃત્વ કાર્યરત છે.

ગુજરાતનાં લોકપ્રિય મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય વિકાસના નવા અધ્યાય લખી રહ્યું છે.

ખેડૂત કલ્યાણ, ગ્રામ વિકાસ, ડિજિટલ ગવર્નન્સ અને સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયો લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહ્યા છે.

ખાસ કરીને OTS યોજના હજારો ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

આપણી બેંક દ્વારા ₹૧૧૦ કરોડથી વધુની રાહત આપવામાં આવી છે.

પરતું સાચી રાહત આંકડાઓમાં માપી શકાતી નથી.

રાહત ત્યારે અનુભવાય છે જ્યારે કોઈ વૃદ્ધ ખેડૂત વર્ષો પછી પોતાની જમીનના દસ્તાવેજ ફરી પોતાના હાથમાં લે છે.

રાહત ત્યારે અનુભવાય છે જ્યારે કોઈ માતા પોતાના સંતાનો ને કહે છે – "હવે આપણી જમીન પાછી આવી ગઈ."

રાહત ત્યારે અનુભવાય છે જ્યારે વર્ષો પછી કોઈ પરિવારના ચહેરા ઉપર નિરાંતનું સ્મિત પરત આવે છે.

માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની યુવા ઊર્જા, કાર્યક્ષમતા અને વિકાસલક્ષી અભિગમ ગુજરાતને નવી ગતિ આપી રહ્યા છે.

માનનીય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી તથા ગુજરાત ભા.જ.પ. ના પ્રદેશ સંગઠન મહામંત્રી માનનીય શ્રી રત્નાકરજી જેવા આગેવાનોનું માર્ગદર્શન અને પ્રેરણા પણ સમાજ જીવન અને સહકારી ક્ષેત્રો માટે મૂલ્યવાન રહી છે.

આપણી બેંક માટે પણ આ વર્ષ સિદ્ધીઓથી ભરપૂર રહ્યું છે.

સભાસદોનો વિશ્વાસ, નિયામક મંડળનું માર્ગદર્શન અને કર્મચારીઓની અવિરત મહેનતના પરિણામે બેંકે ₹૧૧૧ કરોડનો ગ્રોસ નફો પ્રાપ્ત કર્યો છે અને દેશમાંની તમામ ખેતી બેંકમાં એકમાત્ર આપણી ખેતી બેંક છે જેણે ૦% નેટ એન.પી.એ. જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

આ સિદ્ધિ માત્ર નાણાકીય સફળતા નથી,

આ વિશ્વાસની સફળતા છે,

આ પારદર્શિતાની સફળતા છે,

આ સહકારથી સમૃદ્ધિના મૂલ્યોની સફળતા છે,

સમય બદલાઈ રહ્યો છે,

બેંકીંગ બદલાઈ રહ્યું છે,

ટેકનોલોજી બદલાઈ રહી છે,

અને આપની બેંક પણ સમયની સાથે નવી દિશામાં આગળ વધી રહી છે.

ટેબલેટ બેંકીંગ, QR આધારિત સેવાઓ, ડિજિટલ સુવિધાઓ અને આધુનિક બેંકીંગ વ્યવસ્થાઓ દ્વારા ગ્રામ્ય ગુજરાત સુધી ટેકનોલોજીના લાભો પહોંચાડવામાં આવી રહ્યા છે.

પરંતુ આ તમામ પરિવર્તનો વચ્ચે એક વાત આજે પણ અચળ છે.

આપણી બેંકનું કેન્દ્ર આજે પણ ખેડૂત જ છે.

આપણી સૌથી મોટી સિદ્ધિ આજે કિસાનોનો વિશ્વાસ જ છે.

આપણી સૌથી મોટી મૂડી આજે પણ સભાસદોનો પ્રેમ અને સહકાર જ છે

અંતમાં, આપણી બેંકના તમામ સભાસદો, ખેડૂત ભાઈઓ અને બહેનો, થાપણદારો, ઉધારકર્તાઓ, કર્મચારીઓ, નિવૃત અધિકારીઓ, નિયામક મંડળના સભ્યો, સહકાર વિભાગ, નાબાર્ડ અને તમામ શુભેચ્છકો પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

પંચોતેર વર્ષની આ યાત્રા આપ સૌની છે,

આ ગૌરવ આપ સૌનું છે,

આ સિદ્ધિઓ આપ સૌની છે,

ચાલો, સ્વ. પદ્મશ્રી ઉદયભાણસિંહજી જેઠવાના સ્વપ્ન, સહકાર મંત્રાલયના નવા વિઝન અને ખેડૂત કલ્યાણના સંકલ્પને પ્રેરણા બનાવીને આગામી પંચોતેર વર્ષની નવી ગાથા લખીએ.

સહકાર થી સમૃદ્ધિ આપણી અખૂટ શક્તિ છે,

ખેડૂતનું સ્મિત આપણી સફળતા છે,

સભાસદનો વિશ્વાસ આપણી ઓળખ છે,

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં ખેતી બેંકે ₹૧૧૧.૦૭ કરોડનો વિક્રમી નફો નોંધાવેલ છે.

(૨) આપણી બેન્ક દેશમાં આવેલ અન્ય ખેતી બેંકોમાં સર્વપ્રથમ ખેતી બેન્ક છે, જેનું નેટ **N.P.A. છેલ્લા ચાર વર્ષથી ૦% છે.**

(૩) ખાનગી બેન્કો સાથેની સ્પર્ધામાં સહકારી સંસ્થાઓ ટકી પણ શકે છે અને મજબૂત રીતે વિકસીને ટોચનું સ્થાન પણ હાંસલ કરી શકે છે. – "સહકારથી સમૃદ્ધિ" ના સિદ્ધાંતો પર ચાલતી ખેતી બેન્કે ઉત્કૃષ્ટ કામગીરી કરીને એ સિદ્ધ કરી દીધું છે.

(૪) ખેતી બેન્કની સફળતાનું એક મુખ્ય કારણ એ પણ છે કે ૧૯૫૧માં શ્રી ઉદયભાણસિંહજીએ બેંકની સ્થાપના કરી ત્યાર બાદ સમયની જરૂરિયાત મુજબ સિદ્ધાંતો સાથે બાંધછોડ કર્યા વિના ખેતી બેન્ક સતત પરિવર્તનને સ્વીકારતી રહી છે.

(૫) ગ્રાહકોને સર્વોપરી માનતી ખેતી બેન્ક ધિરાણલક્ષી યોજનાઓ, સરકારની સહાય યોજનાઓ, ફિક્સ્ડ ડિપોઝિટ અને બચત ખાતા યોજના, અદ્યતન ડિજિટલ સેવાઓ અંગે ગ્રામ કક્ષાએ જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે.

(૬) બેંકમાં હાલ ૧૭૯ શાખાઓ તાલુકા મથકે કાર્યરત છે. રાજ્યમાં ૨૫૨ તાલુકા આવેલ હોઈ બેંક દ્વારા આગામી દિવસોમાં અન્ય તાલુકાઓમાં પણ જ્યાં જરૂર જણાય ત્યાં બેંકની નવી શાખાઓ ક્રમશઃ ખોલવાનું પણ આયોજન છે.

સરકારશ્રી સાથે ખેતી બેંકનો સહભાગી સહકાર

(૧) "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત બેંક દ્વારા સમયાંતરે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજનની સાથે પર્યાવરણના સંરક્ષણમાં યોગદાન

(૨) આ વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ–૨૦૨૬ તરીકે પણ ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે બેંક દ્વારા વડી કચેરીએ બ્લડ ડોનેશન કેમ્પ, શાખા/કચેરીઓમાં વૃક્ષારોપણ અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬થી બેંકની ધિરાણ યોજનાઓ

(બેંક ૨૦૧૧–૧૨ના વર્ષથી સતત ઓડીટ વર્ગ "અ" ધરાવે છે.)

(૧) બેંકની વડી કચેરીના મકાનને અદ્યતન કોર્પોરેટ લૂક

(૨) બેંકના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો, અદ્યતન ડીજીટલ પેપરલેસ બોર્ડરૂમ, જેમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઓનલાઈન મીટીંગ અને ટ્રેઈનીંગ.

(૩) કિસાન સમૃદ્ધિ લોન, ખેતી બેંક કેશ ક્રેડીટ યોજના, કૃષિ વિકાસ ટર્મ લોન, કૃષિ મિત્ર યોજના અને છત્રછાયા યોજના તેમજ નવી ધિરાણ યોજનાનો આરંભ.

(૪) બેંક દ્વારા લોન મેળવતા ખેડુત ખાતેદારોને ₹૫ લાખની અકસ્માત વિમા પોલિસીમાં વધારો કરી **₹૧૧ લાખ**ની અકસ્માત વિમા પોલિસીનો લાભ મળશે.

(૫) બેંકે નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ₹૪૧૫.૩૪ કરોડની વસુલાત કરેલ છે. ગત વર્ષની વસુલાતમાં ૯૧.૩૬ કરોડનો વધારો થયેલ છે.

(૬) બેંક દ્વારા રાજ્ય સરકારશ્રીની મંજુરીથી તા. ૩૦/૬/૨૦૧૮ પહેલાના મુદતવીતી બાકીદારો માટે સેટલમેન્ટ યોજના અમલમાં મુકેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન સેટલમેન્ટ યોજના હેઠળ ₹૩૪.૧૭ કરોડની વસુલાત આવેલ છે અને આ યોજનાનો લાભ આપવા માટે બેંકે કુલ ₹૨૦.૪૫ કરોડની રકમ જતી કરેલ છે.

(૭) આ વર્ષ દરમ્યાન પણ બેંકનુ નેટ એન.પી.એ. ૦% રહેલ છે.

(૮) બેંક છેલ્લા ચાર વર્ષથી સભાસદોને ૧૫ % કે તેથી વધુ ડીવીડન્ડની ચૂકવણી.

(૯) વર્ષ ૨૦૨૫-૨૬ના અંતે કુલ ₹૩૮૫.૪૨ કરોડની થાપણો બેંકમાં જમા થયેલ છે, જે ગત વર્ષ કરતાં થાપણોમાં ₹૧૩૫.૬૩ કરોડનો વધારો થયેલ છે.

(૧૦) બેંક દ્વારા વર્ષ દરમ્યાન રાજ્યની શાખાઓમા આશરે કુલ ૪૭,૭૦૩ જેટલા નવા બચત ખાતાઓ ખોલવામાં આવેલ છે.

(૧૧) અહેવાલના વર્ષ દરમ્યાન બેંકે કુલ ₹૧૧૧.૦૭ કરોડનો ઐતિહાસિક ગ્રોસ નફો કરેલ છે. તેમાંથી ₹૨૯.૪૪ કરોડની જોગવાઈ કરતાં કુલ ₹૮૧.૬૩ કરોડનો ચોખ્ખો નફો થયેલ છે.

૧ શેર ભંડોળ તથા સભાસદ સંખ્યા

તા. ૩૧-૩-૨૦૨૬ના અંતે કુલ શેરભંડોળ ₹૫૦,૪૬,૬૪,૩૭૦/- રહેવા પામેલ છે.
તા. ૩૧-૩-૨૦૨૬ની સ્થિતિએ સભાસદોની સંખ્યા ૨,૬૯,૪૬૧ રહેલ છે. વર્ષ દરમ્યાન ૮,૦૯૫ નવા સભાસદ દાખલ થયેલ છે.

૨ રીઝર્વ ફંડ

બેંકનું રીઝર્વ ફંડ ગત વર્ષ આખરે ₹૬૯૨.૭૭ કરોડ હતું. જેમાં અહેવાલના વર્ષ દરમ્યાન ₹૨૯.૯૭ કરોડનો વધારો થયેલ છે.

તા. ૩૧-૩-૨૦૨૬ના અંતે રીઝર્વ ફંડ ₹૭૨૨.૭૪ કરોડ રહેલ છે.

૩ ફીક્સ ડીપોઝીટ (બાંધી મુદતની થાપણો)

નાણાંકીય વર્ષ: ૨૦૨૫-૨૬ના અંતે એટલે કે તા. ૩૧-૩-૨૦૨૬ના રોજ બેંક પાસે કુલ ₹૩૮૫.૪૨ કરોડની ફીક્સ ડીપોઝીટ જમા રહેલ છે.

ગત વર્ષ કરતાં ફિક્સ ડિપોઝિટમાં ₹૧૩૫.૬૩/- કરોડનો વધારો થયેલ છે.

૪ ધિરાણ

સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં ખેડુતોને બેંક દ્વારા આપેલ કુલ ધિરાણ ₹૯૫૩.૫૮ કરોડનું હતું.

સને ૨૦૨૫-૨૬ના વર્ષ દરમ્યાન ખેડુતોને બેંક દ્વારા આપેલ કુલ ધિરાણ ₹૧૧૨૯.૮૯ કરોડ છે. બેંક દ્વારા ખેડુતોને ઝડપી અને સરળતાથી ધિરાણ મળી શકે તે પ્રકારની વ્યવસ્થા કરેલ છે.

૫ વસુલાત

બેંક દ્વારા વસુલાતના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ. વર્ષ દરમ્યાન કુલ વસુલાત ₹૪૧૫.૩૪ કરોડની થયેલ છે.

૬ નફાની ફાળવણી

બેંકના ધિરાણ, વસુલાત અને આવકમાં વધારો થયેલ છે. સને ૨૦૨૫-૨૬ના અંતે આપણી બેંકે તા. ૩૧-૩-૨૦૨૬ના અંતે ₹૧૧૧.૦૭ કરોડનો ગ્રોસ નફો કરેલ છે અને જોગવાઈ બાદ કરતાં તા. ૩૧-૩-૨૦૨૬ના અંતે ચોખ્ખો નફો ₹૮૧.૬૩ કરોડનો રહેવા પામેલ છે.

૭ નાબાર્ડ રીફાઈનાન્સ

નાણાંકીય વર્ષ: ૨૦૨૪–૨૫ના અંતે નાબાર્ડ પાસે ₹૨૨.૦૦ કરોડની જવાબદારી હતી. અહેવાલના સમય દરમ્યાન નાબાર્ડ લોનની કુલ રકમ ₹૨૨.૫૭ કરોડ વ્યાજ સહિત ભરપાઈ કરેલ છે. નાબાર્ડ પાસેથી અગાઉના વર્ષોમાં મેળવેલ રી–ફાઈનાન્સની રકમમાંથી તા. ૩૧–૩–૨૦૨૬ના રોજ કુલ રકમ ₹૩૩.૧૮ કરોડની જવાબદારી રહેલી છે. અહેવાલના સમય દરમ્યાન નાબાર્ડ પાસેથી ₹૩૩.૧૮ કરોડનું રી–ફાઈનાન્સ મેળવવામાં આવેલ છે.

૮ નેટ એન.પી.એ.

નાણાંકીય વર્ષ: ૨૦૨૫–૨૬માં વસુલાતનો કેશ–ફ્લો ₹૪૧૫.૩૪ કરોડ થયેલ છે. ભારતની ખેતી બેંકોમાં આપણી બેંકે ૦% નેટ એન.પી.એ. વાળી દેશની પ્રથમ ખેતી બેંક તરીકે ઐતિહાસીક સિધ્ધિ મેળવેલ છે અને તે આપણા માટે ગૌરવની વાત છે.

૯ ખેડુત સભાસદો માટે સભાસદ અકસ્માત સહાય યોજના

બેંકમાંથી ધિરાણ મેળવતા ખેડુત સભાસદ માટે બેંક દ્વારા પર્સનલ એક્સિડન્ટ વીમા કવચ ₹૧૧,૦૦,૦૦૦/–નું પુરૂં પાડવામાં આવે છે, જેનું પ્રીમીયમ બેંક દ્વારા ભરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારમાં રજુઆત

- ક્રોપ લોનનું ધિરાણ શરૂ કરવા માટે વ્યાજ સહાય માટે.
- ખેતી બેંકને બેંકીંગ લાયસન્સ પ્રાપ્ત થાય તે માટે સરકારશ્રીને રજુઆત.
- બેંકના થાપણદારો માટે વીમા સુરક્ષા કવચ મળે તે માટે રજુઆત.
- મધ્યમ/લાંબી મુદતના ધિરાણમાં ૫% વ્યાજ સહાય યોજના માટે રજુઆત.
- આઈ કિશાન પોર્ટલ ઉપર તેમજ સબસીડી યોજનાઓમાં આપણી બેંકના નામનો સમાવેશ કરવા રજુઆત.
- CIBIL ફેસેલિટી માટે રજુઆત.
- OTS યોજના, ૨૫,૦૦૦ની દામદુપટ યોજના.
- ખેતી બેંકની "એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ" અંતર્ગત Eligible Institute માં સમાવેશ કરવા બાબત.

બેંક દ્વારા સાંસ્કૃતિક અને સામાજિક કાર્ય પ્રવૃત્તિ

બેંક દ્વારા ધિરાણની પ્રવૃતિની સાથે અનેક પ્રકારની ધાર્મિક તેમજ સામાજીક પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

(૧) ગાંધી જયંતીના દિવસે વડાપ્રધાનશ્રી મોદીજીના "સ્વચ્છતા અભિયાન" નો કાર્યક્રમ

(૨) ગણેશચતુર્થી મહોત્સવની ઉજવણી

(૩) નવરાત્રી દરમ્યાન હવન-પૂજા

(૪) રામનવમી તથા હનુમાન જયંતિની ઉજવણી

(૫) ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટ જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી

(૬) બેંક કર્મચારીના જન્મદિવસની ઉજવણી

(૭) ખાસ તહેવાર કે પ્રસંગે બેંક તરફથી વૃદ્ધાશ્રમમાં ભોજન-પ્રસાદનું આયોજન

(૮) અપંગ અને દિવ્યાંગ તથા સ્લમ વિસ્તારોમાં રહેતા પરિવારોને મીઠાઈનું વિતરણ

(૯) ઉનાળાની ગરમીમાં રાહદારીઓ માટે ઠંડી છાશનુ વિતરણ વિગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ બેંક દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવે છે.

